# પાટનગરની સાબરમતી બની રહી છે 'ગોબર'મતી..!!!




## જેના કાંઠે પાટનગર વિકસ્યું તે પવિત્ર સાબરમતી નદી ઝડપથી પ્રદૂષિત થઈ રહી છે
## સોશ્યલ મિડીયા પરની તસવીરોએ પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતા સાથેની ચર્ચા જગાવી

ગાંધીનગર, તા. ૨૮

આજના યુગમાં સોશ્યલ મિડીયા એક સશક્ત માધ્યમ તરીકે ઉભરી આવ્યું છે. એક તરફ સોશ્યલ મિડીયા પર યુવાનો પોતાનો સમય અને જીંદગી બરબાદ કરતા હોવાના આક્ષેપો થઈ રહ્યાં છે ત્યારે બીજી તરફ આ માધ્યમનો હકારાત્મક ઉપયોગ કરી સમાજ અને રાષ્ટ્ર માટે હિતકારી કાર્યો કરતા યુવાનોની સંખ્યા પણ ઓછી નથી. ગાંધીનગરના જાગૃત યુવાનો દ્વારા અવારનવાર સોશ્યલ મિડીયા થકી પાટનગરમાં વિવિધ ક્ષેત્રની સમસ્યાઓને ઉજાગર કરી તંત્રનું ધ્યાન દોરવા સહિત જનજાજાગૃતિનું કાર્ય કરતા જોવા મળે છે. શહેરમાં છેલ્લાં ચારેક દિવસથી ધોળેશ્વર મહાદેવ નજીક સાબરમતી નદી કાંઠાની દુર્દશાના દશ્યો સોશ્યલ મિડીયા પર ચમકી રહ્યાં છે. જેને અનુલક્ષીને જાગૃત નાગરિકોમાં નદીની સ્વચ્છતા, ધાર્મિક અંધવિશ્વાસ તથા પર્યાવરણનુ જતન સહિતના મુદ્દે ચર્ચાઓ ઉઠતી જોવા મળી રહી છે.

આમ તો ઘણા સમય પહેલા જ કેન્દ્ર સરકાર દ્વારા દેશભરની નદીઓને સ્વચ્છ કરવાના પ્રોજેક્ટમાં ગાંધીનગરથી પસાર થતી સાબરમતી નદીનો સમાવેશ કરાયો હતો પરંતુ સમયાંતરે આ પ્રકારની નદીઓના લિસ્ટમાંથી તેનુ નામ કેવી રીતે નીકળી ગયુ તે ખબર નથી પડતી પરંતુ હાલ સાબરમતી નદીની હાલતે તેને દેશની અસ્વચ્છ નદીઓમાં સમાવેશ જરૂર કરાવી દીધો છે. અમદાવાદમાં તો રીવર ફ્રન્ટ બનાવી સાબરમતીને સાફ કરવાના સઘન પ્રયાસો કરવામાં આવ્યાં અને તે હજુ ચાલુ પણ છે પરંતુ અમદાવાદ પહેલા સાબરમતી ગાંધીનગરથી પસાર થાય છે તે પ્રવાહમાં અનેક ઠેકાણે નદી એટલી હદે પ્રદૂષિત જોવા મળી રહી છે કે ત્યાંથી પસાર થવું પણ દુષ્કર બની જાય. પાટનગરમાં મુક્તિધામ નજીકની સાબરમતીના કિનારે ફુલીફાલેલી કચરાની ડમ્પિંગસાઈટ અંગે તો ચર્ચા-વિવાદ થંભવાનુ નામ નથી લેતા પરંતુ લેંકાવાડા પુલ, સંત સરોવર તથા ધોળેશ્વર મહાદેવ પાસે પણ નદીનો કિનારો દૂષિત હાલતમાં જોવા મળી રહ્યો છે જેના પગલે શહેરના પર્યાવરણ પ્રેમીઓ સતત નિરાશા સાથે ચિંતિત જણાઈ રહ્યાં છે. સાબરમતી દૂષિત થવા પાછળ જેટલી બેદરકારી તંત્રની છે તેટલી જ બેજવાબદારી નાગરિકો દ્વારા પણ દાખવવામાં આવતી જોવા મળી રહી છે જેને કારણે નૈસર્ગિક કિનારો ધરાવતી સાબરમતી નદી નર્કાગાર બનવા તરફ ધસી રહેલી જણાઈ રહી છે. સોશ્યલ મિડીયા પર "હેલ્લો ગાંધીનગર" ગૃપના પેજ પર પ્રકાશિત થયેલી આ તસવીરો એ ફરી એકવાર પાટનગરની પવિત્ર સાબરમતી નદીના સ્વચ્છતા અને પર્યાવરણના જતન અંગેની ચર્ચા જગાવી છે જેને તંત્ર જો ગંભીરતાથી લઈ યોગ્ય પગલાં ભરશે તો જ હિતકારી સાબિત થશે તેમાં બેમત નથી.



# પોલીસ વિશિષ્ટ સેવા પદક પ્રંશનીય સેવા પોલીસ પદક સન્માન

## ગુજરાતના સુદીર્ઘ વિકાસના પાયામાં રાજ્યની સુદ્રઢ-સલામત કાયદો અને વ્યવસ્થા છે : વિજયભાઈ રૂપાણી







ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટ મત વ્યકત કર્યો કે ગુજરાતની સર્વાંગી વૈશ્વિક વિકાસ યાત્રાના પાયામાં રાજ્યની સુદ્રઢ અને સંગીન કાયદો વ્યવસ્થાની સ્થિતી રહેલી છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે આ જ કારણોથી ગુજરાતની કાયદો વ્યવસ્થા, સુરક્ષા-સલામતિની સ્થિતીની નોંધ દેશભરમાં લેવાય છે. ભારતભરમાં ગુજરાત પોલીસની પ્રતિષ્ઠા એવી વધી છે કે ગૂન્હો આચરનારાઓને પાતાળમાંથી પણ શોધી કાઢી સજા આપવાની, નશ્યત કરવાની સજજતા-દક્ષતા ગુજરાત પોલીસમાં છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ ગુજરાત પોલીસ દળના ૧૬૮ જેટલા અધિકારીઓ-કર્મયોગીઓને તેમની વિશિષ્ટ અને પ્રસંશનીય સેવા માટે ૨૦૧૪ થી ૨૦૧૯ના પ્રજાસત્તાક દિવસ સ્વાતંત્ર્ય દિવસ અવસરે જાહેર થયેલા પોલીસ ચંન્દ્રક અમદાવાદમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં એનાયત કર્યા હતા.

ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ, પોલીસ મહાનિદેશક શિવાનંદ જહા, ગૃહના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સંગતાસિંહ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા. વિજયભાઈ રૂપાણીએ વિશિષ્ટ સેવા માટેના ૧૮ પોલીસ ચન્દ્રક તેમજ પ્રસંશનીય સેવા માટેના ૧૫૦ પોલીસ પદક એનાયત કર્યા હતા.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે પોલીસના જવાનોએ પોતાના જાનની પરવા કર્યા વગર લોકોની સેવા કરી છે. જેથી ગુજરાત પોલીસ અને રાજ્યનું ગૌરવ વધ્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાત પોલીસ આધુનિક તકનીકનો ઉપયોગ કરી સમય સાથે તાલ મિલાવી રહી છે. તેઓએ કહ્યું કે, ગુજરાતમાં ક્રાઈમ રેટ અને ક્રાઈમ ડિટેકશન રેટ મેન્ટેઈન કરવામાં આવ્યો છે અને આથી જ લોકોની ફરિયાદ-સમસ્યાઓ નિવારી શક્યા છીએ.

# રણાસણ સર્કલથી વિદેશી દારૂ ભરેલી સ્વીફ્ટ કાર ઝડપાઈ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર નજીક આવેલા રણાસણ સર્કલ પાસેથી વિદેશી દારૂના બિયરના ટીન મળી કુલ નંગ ૧૯૮ તેમજ સ્વીફ્ટ ગાડી સાથે એક ઈસમને ગાંધીનગર એલસીબી-૨ પોલીસે દબોચી લીધો છે. પોલીસે દારૂ, બિયર અને સ્વીફ્ટ ગાડી મળી કુલ રૂ. ૩,૮૩,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




પ્રાપ્ત પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ એલસીબી પી.એસ.આઈ. પી.એન. પઢિયાર અને પી.ડી. વાઘેલાની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કેવલસિંહ અનોપસિંહને ખાનગી રાહે ચોકકસ બાતમી મળી હતી કે હિંમતનગર તરફથી સ્વીફ્ટ ગાડી વિદેશી દારૂ ભરી ચિલોડા રણાસણ થઈ નરોડા અમદાવાદ તરફ જવાની છે. જેને પગલે રણાસણ પુલ પાસે પોલીસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન એલસીબી પોલીસે જીજે ૦૧ એચડબલ્યુ ૬૪૮૭ ગાડી તેમજ તેના ડ્રાઈવર ગણેશરાજુ ફડકે (ઉ.વ. ૨૫, રહેઠાણ હાટકેશ્વર ચાર રસ્તા ગુપ્તાનગર ચતુરભાઈ ચાલી અમદાવાદ)ને પકડી પાડી દારૂ-બિયરના ટીન કુલ નં. ૧૯૮ કિં. રૂ.૩૩,૦૦૦ તેમજ સ્વીફ્ટ ગાડી કિં. રૂ. ૩,૫૦,૦૦૦ મળી કુલ રૂ. ૩,૮૩,૦૦૦નો મુદ્દામાલ સાથે એક ઈસમને પકડી પાડી પ્રોહી. એકટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# શિયાળો આવ્યો... રસોડાની રંગત લાવ્યો

ગાંધીનગર, તા. ૨૮

શિયાળો આવે એટલે ગૃહિણીઓને થોડીક રાહત રહે. શાકભાજીમાં જાતભાતના ઓપ્શન મળી રહેતા હોવાથી વિવિધ વાનગીઓ બનાવી શકાય છે. લીલા શાકભાજીની પણ ભરપૂર આવક રહેતા થાળીમાં લીલોતરી વધી છે. ઉંધીયુ, તુવેર ટોઠા, હળદરીયું, ઓળો જેવા પરંપરાગત શાક હવે વારંવાર બની રહ્યા છે. હોટલો અને રેસ્ટોરન્ટના મેનુમાં પણ તે દાખલ થયા છે.

શિયાળાનુ આગમન ધીમે ધીમે થઈ રહ્યું છે. ઠંડી સવારે અને સાંજે જોર પકડી રહી છે. શિયાળાની ઋતુના આગમને હવે લીલા શાકભાજીની આવક વધી છે. સેક્ટરોમાં વહેલી સવારે પાલક, મેથી, તાંદળજો, મૂળા, લીલી ડુંગળી, લીલુ લસણ, કોથમીર જેવી લીલી ભાજીની લારીઓ ભરેલી જોવા મળી જાય છે. શાકમાર્કેટમાં પણ લીલોતરીની સાથોસાથ શિયાળાની આગવી વેરાયટી ગણાતા ગાજર, લીલી હળદર, આંબા હળદર, બીટ વગેરે પણ ભરપૂર માત્રામાં જોવા મળી રહ્યા છે. તુવેર અને વટાણા પણ બજારમાં આવી ગયા છે. શાકભાજીની આટલી બધી વેરાયટી મળતા ગૃહિણીઓ ખુશખુશાલ બની ગઈ છે. રસોઈની ચિંતા હવે તેમના માટે હળવી બની રહી છે. અવનવી વાનગીઓનો રસથાળ હવે તેઓ કુટુંબના સભ્યોને પીરસી શકે છે.

**ઉંધીયુ, ટોઠા, હળદરનુ શાક, ઓળો... જેવી વાનગીઓ રસોડામાં પગ જમાવતી થઈ**

ઉંધીયુ, ઓળા જેવી પરંપરાગત વાનગીઓ ભાણામાં શોભી રહી છે. જો કે હવે તો બજારોમાં પણ ઉંધીયુ, તુવેર ટોઠા જેવી વાનગીઓ મળી રહે છે. આ પરંપરાગત વાનગીઓ બનાવવા બહુ લાંબી કડાકૂટ હોવાથી ઘણી ગૃહિણીઓ ઉંધીયુ અને ટોઠા બહારથી તૈયાર મંગાવી લે છે. હોટલો અને રેસ્ટોરન્ટના મેનુ કાર્ડમાં આ વાનગીઓનો સમાવેશ થયો છે. ગ્રાહકો તેને ખુબ પસંદ કરી રહ્યા છે.

શાકભાજીની વેરાયટી માર્કેટમાં મળી રહે છે પરંતુ હજુ તેનો ભાવ ઉંચો છે. ખાસ કરીને લીલુ લસણ અને ડુંગળી ઉંચા ભાવે વેચાઈ રહ્યું છે. જો કે આ વર્ષે ચોમાસુ સારૂ રહ્યુ હોવાથી શાકભાજીની આવક વધશે. ટુંક સમયમાં ભાવ પણ ઉતરશે.



ગજાનન સેવા સમિતિ દ્વારા ભવાનપુર ગામના ભાથીજી મંદિર પાસે પવિત્ર યાત્રાધામના સહયોગીથી પાંચ બાંકડા મુકવામાં આવ્યા હતા જેનું લોકાર્પણ મિલિંદભાઈ તથા શાળાના આચાર્ય તથા સરપંચ દ્વારા કરવામાં આવ્યું હતું.

# સિનિયર સિટિઝન ક્લબ ગાંધીનગર ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ દ્વારા કાપડની થેલીનું વિતરણ

ગાંધીનગર શહેર સ્થિત ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજ સિનિયર સિટિઝન ક્લબ-ગાંધીનગર દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે અનેક સેવાકીય પ્રવૃતિઓ અને અભિયાન ચલાવે છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના



પ્લાસ્ટિક મુક્ત અભિયાન અંતર્ગત પ્લાસ્ટિકની થેલી ન વાપરવાનો અને પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણનો સંદેશો નાગરિકોમાં પહોંચે તેવા અભિગમનો નવો રાહ ચીંધવા ક્લબ દ્વારા શહેર સ્થિત સમાજના નાગરિકોને પ્લાસ્ટિકની થેલીને બદલે સિનિયર સિટિઝન ક્લબ ગાંધીનગરની પ્રિન્ટવાળી સરસ ૧૧૦૦ કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ પ્લાસ્ટિક મુક્ત અભિયાનમાં મુખ્યત્વે સંયોજક તરીકે રમણભાઈ એમ. પટેલ (એન.આર.આઈ.), નિવૃત જગદીશભાઈ પી. પટેલ, નિવૃત્ત આચાર્ય સાંકાભાઈ પટેલ તથા સમાજના સેવાભાવી અગ્રણીઓનો સહકારથી અભિયાનની પ્રવૃતિને સર્વે સમાજના જ્ઞાતિબંધુઓ દ્વારા સાથ-સહકાર સાંપડી રહ્ય છે.

# ગાયત્રી પરિવારના વ્યસન મુકિત કાંતિરથ દ્વારા જિલ્લાની વિવિધ શાળા કોલેજોમાં વ્યસન મુકિત કાર્યક્રમ યોજાયા

ગાંધીનગર, તા.૨૮

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે શાંતિકુંજ હરિદ્વાર દ્વારા વ્યસનમુકિત આંદોલન અંતર્ગત ગુજરાત ખાતે વ્યસન મુકિત કાંતિરથ પરિભ્રમણ માટે મોકલવામાં આવ્યો હતો. આ રથ દ્વારા તા. ૨૪ થી ૨૭ નવેમ્બર સુધી ગાંધીનગર જિલ્લામાં પરિભ્રમણ કરી તાલુકાની વિવિધ શાળા કોલેજોમાં વ્યસન મુકિત કાર્યક્રમ યોજાયો હતો.

શાંતિકુંજ હરિદ્વાર દ્વારા વ્યસન મુકિત કાંતિરથ ગુજરાત ખાતે લાવવામાં આવ્યો હતો. જે રથ દ્વારા તા. ૨૪ થી ૨૭ નવેમ્બર સુધી પરિભ્રમણ કરી ગાંધીનગર જિલ્લાના વિવિધ તાલુકાની શાળા કોલેજોમાં વ્યસનમુકિત, મોબાઈલના ગેરલાભો, અભ્યાસમાં એકાગ્રતા બાબતે વિડિયો કેસેટનું વિદ્યાર્થીઓને નિદર્શન કરાવવામાં આવ્યું હતું. જે શાળાઓમાં રાંધેજાની જે.એસ. પટેલ



વિદ્યામંદિર, વાવોલની આદર્શ નિવાસી કુમારશાળા, ગર્વમેન્ટ સ્કુલ ઓફ એકસલન્સ આદર્શ નિવાસી શાળા સે-૮નો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને વ્યસન મુકિત તથા સ્વચ્છતા અભિયાન બાબતે સામુહિક સંકલ્પો લેવડાવવામાં આવ્યા હતા. દરેક શાળાઓના આચાર્યો તથા વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ અંગે સુંદર પ્રતિભાવ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાયત્રી પરિવાર ગાંધીનગર, ગાયત્રી પરિવાર રાંધેજા અને વાવોલના પરિજનોએ જહેમત ઉઠાવી હતી.

# વાવોલ સ્વામિનારાયણ સંપર્ક મંડળના સ્નેહમિલનમાં પૂ. આનંદસ્વરૂપ સ્વામીની હાજરી



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના વાવોલ ખાતે વિજય એપાર્ટમેન્ટની બાજુમાં સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલા વાવોલ સંપર્ક મંડળના સ્નેહમિલન સમારંભમાં પૂ. આનંદસ્વરૂપ સ્વામી પધાર્યા હતા. આ પ્રસંગે તમામ સંપર્ક પરિસરના હોદ્દેદારોને આમંત્રણ આપવામાં આવ્યું હતું જે પૈકી ૩૦ સંપર્ક પરિસરના પ્રમુખોએ હાજરી આપી હતી. વાવોલની સોસાયટી વિસ્તારની વિવિધ સોસાયટીના આમંત્રિત રહીશો સહિત હરિભક્તો મળીને ૩૪૦થી વધુ વ્યક્તિઓએ આ સ્નેહમિલન સમારંભમાં ઉપસ્થિત રહી આરતી દર્શન તથા પ્રસાદનો લાભ લીધો હતો. સ્નેહમિલન સમારંભમાં પધારેલા વિવિધ સોસાયટીઓના રહીશોએ તેમની સોસાયટીમાં સંપર્ક મંડળ દ્વારા જે પણ કાર્યક્રમ યોજવામાં આવશે તેમાં સહકાર આપવાની ખાત્રી આપી હતી.


## જાહેર નિવિદા

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, બ્લોક નં.૭/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર હસ્તકના નીચેની વિગતેના વાહનો આ કચેરી ખાતે જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જાહેર હરાજી કરવાની હોવાથી તા. ૧૦/૧૨/૨૦૧૯ના રોજ સાંજના ૧૫.૦૦ કલાકે આ કચેરી ખાતે જાહેર હરાજી રાખવામાં આવેલ છે.

નીચે જણાવ્યા મુજબની ડિપોઝીટની રકમ હરાજીના સમય પહેલા અત્રેની કચેરી ખાતે ભરેલ ઈસમો જ હરાજીમાં ભાગ લઈ શકશે. ડિપોઝીટની રકમ અત્રેની કચેરીના હિસાબી શાખામાં રોકડથી સ્વીકારવામાં આવશે. હરાજીની શરતો કામકાજના દિવસો દરમિયાન ઉક્ત કચેરી ખાતે નોટીસબોર્ડ પર રાખવામાં આવે છે. જેમ હરાજી સમયે વાંચી સંભળાવવામાં આવશે.

| અ. નં. | વાહન નંબર | પ્રકાર પ્રકાર | અપસેટ પ્રાઈઝ | ડિપોઝીટની રકમ (૧૦%) |
|---|---|---|---|---|
| ૧ | જી.જે. ૧૮ જી-૫૧૬૭ | ઈનોવા | ૨,૧૦,૦૦૦/- | ૨૧,૦૦૦/- |
| ૨ | જી.જે. ૧૮ જી-૫૦૨૯ | ટાટા સુમો | ૮૦,૦૦૦/- | ૮,૦૦૦/- |

સહી/-
(ડૉ. પોષક પટેલ)
સભ્ય સચિવ સહ-સંયુક્ત પશુપાલન નિયામક
ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૬૫૩/૧૯-૨૦

## જાહેરાત

જિલ્લા અર્બન હેલ્થ યુનિટ, જિલ્લા પંચાયત, સેક્ટર-૧૭, ગાંધીનગર હસ્તકના અર્બન હેલ્થ સેન્ટર દહેગામ, માણસા તથા કલોલ-૨ ખાતે ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેક્ટ અંતર્ગત મંજુર વિવિધ સંવર્ગની ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે કરાર આધારીત નીચે મુજબની જગ્યાઓ ભરવાની થાય છે. જે અંગે નીચે દર્શાવેલ પત્રક મુજબ લાયકાત તથા અનુભવ ધરાવતા ઉમેદવારોએ નીચે જણાવેલ તારીખે રૂબરૂમાં અરજી ફોર્મ મેળવવાના રહેશે. અત્રેથી મેળવેલ ઓરીજનલ નિયત અરજી ફોર્મ જ માન્ય ગણાશે.

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત | જગ્યાનું સ્થળ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ (રૂ.) (ફિક્સ) |
|---|---|---|---|---|---|
| ૧ | પબ્લીક હેલ્થ નર્સ | (૧) એમએચડબ્યુ/એએનએમનો કોર્ષ+૩ વર્ષનો આરોગ્ય ક્ષેત્રે અનુભવ અથવા (૨) બીએસસી (નર્સીંગ) નો કોર્ષ + ૧ વર્ષનો આરોગ્ય ક્ષેત્રે અનભવ અથવા (૩) ડીપ્લોમાં નર્સીંગનો કોર્ષ + ૨ વર્ષનો આરોગ્યક્ષેત્રે અનુભવ, ઉક્ત ૧, ૨, ૩ માટે જી.એન.સી. નોંધણી + બેઝીક કોમ્પ્યુટર કોર્ષનું સર્ટી. ઉંમર ૪૫ વર્ષ સુધી માન્ય. (ફક્ત સ્ત્રી ઉમેદવાર માટે) | દહેગામ | ૧ | ૧૧૫૦૦/- |
| | | | કલોલ-૨ | ૧ | ૧૧૫૦૦/- |
| ૨ | લેબ.ટેકની શીયન | (૧) બેએસસી ડીગ્રી (કેમેસ્ટ્રી/માઈક્રોબાયોલોજીમાં મુખ્ય વિષય સાથે) માન્ય સંસ્થા / ગુજરાત રાજ્યની મેડીકલ કોલેજનું L.T. ટ્રેનીંગ કોર્સનું સર્ટીફિકેટ + લેબોરેટરી વર્કના અનુભવનું સર્ટીફેક્ટ ધરાવનારને અગ્રીમતા. ઉંમર ૫૮ વર્ષ સુધી. | દહેગામ | ૧ | ૧૧૦૦૦/- |
| ૩ | સેનેટરી ઈન્સ્પેક્ટર | ધોરણ-૧૨ + એસ.આઈ.નો સર્ટિફિકેટ કોર્ષ સરકાર માન્ય સંસ્થા દ્વારા + બેઝીક કોમ્પ્યુટર કોર્ષનું સર્ટીફિકેટ, ઉંમર : વર્ષ ૫૮ સુધી (ફક્ત પુરુષ ઉમેદવાર માટે) | દહેગામ | ૧ | ૮૦૦૦/- |
| ૪. | ફાર્માસીસ્ટ | ફાર્માસીનો કોર્ષ ડીગ્રી / ડીપ્લોમાં સરકાર માન્ય સંસ્થા દ્વારા + ગુજરાત ફાર્માસીસ્ટ કાઉન્સીલનું રજીસ્ટ્રેશન ફાર્માસીની કામગીરીનો અનુભવ ધરાવનારને અગ્રીમતા + બેઝીક કોમ્પ્યુટર કોર્ષનું સર્ટીફિકેટ ઉંમર : વર્ષ ૫૮ વર્ષ સુધી | માણસા | ૧ | ૧૧૦૦૦/- |

- નિયત અરજી ફોર્મ અત્રેની કચેરીએથી જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી તા. ૭/૧૨/૧૯ (ચાલુ કામકાજના દિવસો દરમિયા, કચેરી સમયમાં) સુધી મેળવી તા. ૧૯/૧૨/૨૦૧૯ સુધી માત્ર આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી અરજી ફોર્મમાં તમામ સર્ટીફિકેટ પ્રમાણિત નકલો સાથે મોકલી આપવાની રહેશે.
- અરજી પત્રકના કવર ઉપર જે જગ્યા માટે અરજી કરતા હોય તેનું નામ લખવાનું રહેશે. અરજીઓની ચકાસણી બાદ મેરીટ પ્રમાણે લાયક ઉમેદવારોને અસલ પ્રમાણપત્રની ચકાસણી કરવા રૂબરૂ બોલાવવામાં આવશે.
- સદર જગ્યાઓ કરાર આધારિત હોઈ વખતોવખતની સરકારશ્રીની સુચનાઓ મુજબ કોઈપણ પ્રકારના હક્ક દાવા રહેશે નહીં. મુદત અથવા પ્રોજેક્ટ પૂર્ણ જાહેર થવાની નિમણુંક આપોઆપ રદ ગણાશે. સદર ભરતી બાબતના તમામ અધિકાર પસંદગી સમિટીના અબાધિત રહેશે.

નોંધ : ● નિયત સમય મર્યાદા પછી સાદી ટપાલ / કુરિયર / રૂબરૂથી તેમજ અધુરી વિગતો વાળી અરજીઓ રદ ગણવામાં આવશે. ઓરીજનલ ફોર્મની કઢાવેલ ઝેરોક્ષ કોપીવાળી અરજીઓ રદ ગણવામાં આવશે.

**અરજી ફોર્મ મેળવવાનું સ્થળ :**
**જિલ્લા અર્બન હેલ્થ યુનિટ, ગાંધીનગર**
**ગ્રાઉન્ડ ફ્લોર, ડી.પી.એમ.યુ. શાખા, જિલ્લા પંચાયત**
**સેક્ટર-૧૭, ગાંધીનગર, ૩૮૨૦૧૭**

**સહી/-**
**મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી**
**જિલ્લા પંચાયત, ગાંધીનગર**

**અરજી મોકલવાનું સ્થળ :**
**આરોગ્ય શાખા (રજીસ્ટ્રી બ્રાન્ચ) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી,**
**જિલ્લા પંચાયત, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭**

**(ફોર્મ મેળવવા ચાલુ કામકાજના દિવસોએ અને કચેરી સમયે આવવાનું રહેશે.)**

માહિતી/૧૬૫૮/૧૯-૨૦